# કલાકારો અને P-3 વિઝા




**તમને અને તમારી ટીમને કદાચ નાણાકીય ફાયદો થશે, પણ તમારા પાસપોર્ટ પર અમેરિકા છોડવાનો એટલે કે એક્ઝિટનો સ્ટેમ્પ લાગશે, એ ચોખ્ખું બતાવશે કે તમે લોકો અમેરિકામાં એક વધુ દિવસ તમારા P-3 વિઝા પૂરા થઈ ગયા બાદ પણ રહ્યા છો**

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

એકવાર અડધી રાત્રે મારો ફોન રણક્યો. મેં અડધી ઊંઘમાં ફોન ઉપાડ્યો. જોયું તો ફોન અમેરિકાથી હતો. અમારી વચ્ચે નીચે મુજબ સંવાદ થયોઃ

હુંઃ હેલ્લો.

ફેનઃ હેલ્લો, સંગીતા મેડમ. હું તમારો ફેન છું. તમારા ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર અમેરિકાનું ગાઈડન્સ આપતી બધી જ પોસ્ટ અને રીલ્સ જોઉં છું.

હુંઃ (બગાસું ખાતાં મનમાં કહું છું, 'ભલા માણસ, આ કહેવા મને અડધી રાતે ઊંઘમાંથી જગાડી!' મોટેથી) થેન્ક્યુ. તમે કોણ છો ભાઈ?

ફેનઃ મેડમ, હું સિંગર છું. (એણે નામ કહ્યું. એ એક મોટો સેલિબ્રિટી સિંગર હતો.) મેડમ, તમે અમેરિકાના કાયદા અને વિઝા વિશે ખૂબ સુંદર અને સરળ ભાષામાં સમજણ આપો છો. તમે જે રીતે સમજાવો છો એનાથી તરત જ અટપટા કાયદા પણ સમજાઈ જાય છે.

હુંઃ થેન્ક્યુ. (મનમાં કહું છું, 'ભાઈ, આ બધું તમે ભારતની સવારે પણ કહી શક્યા હોત.')

હુંઃ બોલો ભાઈ, શું કામ હતું?

ફેનઃ મેડમ, હું ફસાઈ ગયો છું. તમે મને આમાંથી ઉગારો. એક તમે જ મારી મદદ કરી શકો એમ છો. મને ફક્ત તમારા પર જ ભરોસો છે. સંપૂર્ણ શ્રદ્ધા છે કે તમે આમાંથી રસ્તો કાઢી શકશો.

હુંઃ (મનમાં 'હે ભગવાન, આ માણસ કામની વાત ક્યારે કરશે?' પછી મોટેથી) હા, જરૂર. જો અમેરિકાના વિઝાને લગતી સમસ્યા હશે તો હું એ ઉકેલવાનો અને એમાંથી રસ્તો કાઢવાનો જરૂર પ્રયત્ન કરીશ. બોલો, શું તકલીફ છે?

ફેનઃ હું અહીં અમેરિકામાં મારા ગાવાના પ્રોગ્રામ કરવા આવ્યો છું. અમારા મુંબઈના હિતેશભાઈ (નામ બદલ્યું છે) ઓર્ગેનાઈઝરે આ આખી ટ્રીપનું આયોજન કર્યું છે. હું અને મારી ટીમ છેલ્લા એક મહિનાથી અમેરિકામાં છીએ.

હુંઃ તમે ક્યા વિઝા પર અમેરિકા ગયા છો?

ફેનઃ હું P-3 વિઝા પર અહીં આવ્યો છું. અમેરિકાના અમિતભાઈ (નામ બદલ્યું છે) સ્પોન્સરે આ આખો કાર્યક્રમ સ્પોન્સર કર્યો છે અને અમને P-3 વિઝા પર બોલાવ્યા છે. આખા અમેરિકામાં અમે અત્યાર સુધીમાં 20 શો કરી લીધા છે, પણ પ્રોબ્લેમ હવે શરૂ થયો છે.

હુંઃ તમે P-3 વિઝા પર કાયદેસર રીતે અમેરિકા ગયા છો. આટલા બધા શો કર્યા છે. હવે કેટલા શો બાકી છે? અને તમારા P-3 વિઝા ક્યાં સુધી વેલિડ છે?

ફેનઃ મેડમ, તમે બરાબર મુદ્દો ઉઠાવ્યો છે. મને ખાતરી હતી કે તમે બરાબર પોઈન્ટ પકડી લેશો. અમારા હવે ચાર દિવસ પછી કેનેડામાં શો શરૂ થવાના છે. અમેરિકાના P-3 વિઝા પરમ દિવસે પૂરા થાય છે, પણ અમારા સ્પોન્સરે અમારા એક વધુ શોની ડિમાન્ડ કરી છે, જે શો તેઓ પરમ દિવસે રાખવા માગે છે. જો અમે એ શો કરીએ તો અમારે એક વધુ દિવસ અમેરિકા રોકાવું પડે. તો અમારે શું કરવું?

હુંઃ એકદમ સીધો હિસાબ છે. તમે આ શો કરવાની ના પાડી દો અને તમારા P-3 વિઝાની મુદત પૂરી થાય એ પહેલાં અમેરિકા છોડી દો.

ફેનઃ મેડમ, અમારા ઓર્ગેનાઈઝર કહે છે કે આ શોના તેઓ અમને ડબલ પૈસા આપશે અને એકાદ દિવસ વધુ રહેવાથી કોઈને કંઈ ખબર પડશે નહીં. આપણે ગુપચૂપ શો પતાવીને કેનેડા ચાલ્યા જઈશું. આમ પણ કેનેડામાં શો ચાર દિવસ પછી શરૂ થવાના છે, તો કમાણી કરી લો. તમારો અને મારો બંનેનો ફાયદો છે.

હુંઃ જુઓ, મિસ્ટર, તમને અને તમારી ટીમને કદાચ નાણાકીય ફાયદો થશે, પણ તમારા પાસપોર્ટ પર અમેરિકા છોડવાનો એટલે કે એક્ઝિટનો સ્ટેમ્પ લાગશે, એ ચોખ્ખું બતાવશે કે તમે લોકો અમેરિકામાં એક વધુ દિવસ તમારા P-3 વિઝા પૂરા થઈ ગયા બાદ પણ રહ્યા છો. તમારો એ વસવાટ ગેરકાયદે ગણાશે, એટલે કે તમે અમેરિકામાં ઈલલીગલી રહ્યા છો. આથી ભવિષ્યમાં જ્યારે તમારે અમેરિકામાં કોઈ પણ વિઝા પર પ્રવેશવું હશે, ત્યારે તમને પ્રવેશવા નહીં મળે. કદાચ તમને ગેરકાયદેસર રહેવાના કારણે 5 વર્ષ કે 10 વર્ષની પ્રવેશબંધી પણ લાગુ પડી જશે.

ફેનઃ મેડમ, અમારા ઓર્ગેનાઈઝર અને સ્પોન્સર અમારી જોડે ઝઘડો કરે છે. અમારી ટીમમાં પણ બે ભાગ પડી ગયા છે. કેટલાક રહેવા માગે છે, તો કેટલાક જવા માગે છે. તેઓ ડરે છે કે જો આ લોકોની વિરુદ્ધ જઈશું તો ભવિષ્યમાં તેઓ અમને અમેરિકામાં પ્રોગ્રામ નહીં કરવા દે. મને સમજાતું નથી કે શું કરવું?

હુંઃ જુઓ, તમારી ટીમને સમજાવો કે જો અમેરિકામાં એક દિવસ પણ ગેરકાયદેસર રીતે રહ્યા તો અમેરિકા તમને જિંદગીભર અમેરિકામાં P-3 શું, બીજા કોઈ પણ વિઝા પર આવવા જ નહીં દે. થોડા પૈસાની લાલચમાં તમે જીવનભરની મુસીબત વહોરી લેશો. આથી વિઝાની મુદત પૂરી થાય એ પહેલાં અમેરિકા છોડી દો. તેઓએ તમને કેનેડા પણ લઈ જવાના છે. તમારા ત્યાંના શો પણ નક્કી થઈ જ ગયા હશે.

ફેનઃ હા, મેડમ. ત્યાં પણ અમે બીજા 10 શો કરવાના છીએ.

હુંઃ તમે સેલિબ્રિટી છો અને ઈમિગ્રેશન ખાતું સેલિબ્રિટીઓને વધુ સ્ક્રુટિનાઈઝ કરે છે. જોઈએ તો તમારી ટીમના મેમ્બર્સને મારી જોડે વાત કરાવો. હું એમને સમજાવીશ.

ફેનઃ યસ, મેડમ. હું બધાને એકઠા કરું છું અને તમે એમને સમજાવજો.

એ સેલિબ્રિટી સિંગરે 15 મિનિટમાં આખી ટીમને બોલાવી લીધી. બધાની મારી સાથે વાત કરાવી. મેં P-3 વિઝા અને એને લગતા નિયમો બધાને વિગતવાર સમજાવ્યા અને અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહી જવાનું જોખમ પણ દેખાડ્યું. લગભગ બે કલાકે આખી ટીમના ગળે મારી વાત ઊતરી અને સહુ કાયદાનું ઉલ્લંઘન ન કરવું જોઈએ એ સમજ્યા અને પેલો એક્સ્ટ્રા શો કરવાની મનાઈ કરવા રાજી થયા.

વિઝામિત્રો, એ રાત્રે મારી ઊંઘ બગડી, પણ એ સેલિબ્રિટી સિંગર અને એની ટીમના સર્વે સભ્યોનું ભવિષ્ય સુધરી ગયું.

---

# ડૉક્ટરની ભૂલ સુધારવા છતાં ક્લેઈમ નકાર્યોઃ વીમા કંપનીને વ્યાજ સહિત વળતર ચૂકવવા આદેશ




**સુપ્રીમ કોર્ટના મનમોહન નંદા વિરુદ્ધ યુનાઈટેડ ઈન્ડિયા એશ્યોરન્સ ચુકાદાનો હવાલો આપીને કમિશને ઉમેર્યું કે પોલિસી પહેલાં તબીબી તપાસ કરાવનાર કંપની પાછળથી પોતાની જ તપાસથી વિપરીત બીમારીનું બહાનું કાઢી શકે નહીં**

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

આરોગ્ય વીમો લેનાર દરેક ગ્રાહકને એવો અનુભવ થયો હશે કે ક્લેઈમ વખતે વીમા કંપની એક પછી એક દસ્તાવેજો માંગતી રહે છે. દસ્તાવેજો આપ્યા પછી પણ એ જ દસ્તાવેજો ફરી માંગવામાં આવે છે અને અંતે 'જરૂરી કાગળો મળ્યા નથી' કહીને ક્લેઈમ નામંજૂર કરી દેવાય છે. આવા જ એક કેસમાં દિલ્હીના ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશન (સેન્ટ્રલ)એ મહત્વનો ચુકાદો આપ્યો છે.

**બનાવની વિગત**

દિલ્હીના રોહિણી વિસ્તારમાં રહેતાં 76 વર્ષનાં વરિષ્ઠ નાગરિક શ્રીમતી મધુ સાહનીએ જૂન 2023માં નિવા બુપા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી 'પ્લેટિનમ' પ્રકારની બે પોલિસી લીધી હતી. એક પોલિસી રૂ. 10 લાખની હતી, જેનું પ્રીમિયમ રૂ. 96,673 હતું. બીજી પોલિસી રૂ. 25 લાખની હતી, જેનું પ્રીમિયમ રૂ. 54,499 હતું. પોલિસી લેતી વખતે તેમણે ડાયાબિટીસ, કોલેસ્ટરોલ અને હાઈ બ્લડ પ્રેશરની બીમારી પ્રામાણિકપણે જાહેર કરી હતી. વીમા કંપનીએ પોતે પ્રી-મેડિકલ તપાસ કરાવી હતી અને તે રિપોર્ટમાં હૃદય કે કિડનીની કોઈ બીમારી નોંધાઈ ન હતી.

23 ડિસેમ્બર 2023ના રોજ તબિયત બગડતાં તેમને મેક્સ હૉસ્પિટલ, શાલીમાર બાગના ઈમરજન્સી વિભાગમાં દાખલ કરાયાં. ત્યાં પ્રાથમિક તપાસ વખતે ઈમરજન્સી ડૉક્ટરે ભૂલથી કેસ પેપરમાં 'CKD' (ક્રોનિક કિડની ડિસીઝ) લખી નાખ્યું. દર્દીને નેફ્રોલોજી વિભાગમાં દાખલ કર્યાં હોવાથી આ ભૂલ થઈ હતી. ડિસ્ચાર્જ પહેલાં 30 ડિસેમ્બરે એ જ ડૉક્ટરે 'એડેન્ડમ' (પૂરક નોંધ) દ્વારા આ ભૂલ સુધારી લીધી. દાખલ રહ્યાં તે દરમિયાન કિડનીના તમામ રિપોર્ટ નોર્મલ હતા.

વીમા કંપનીએ કેશલેસ મંજૂરી આપી નહીં, તેથી ફરિયાદીએ હૉસ્પિટલનું રૂ. 3,87,391નું બિલ પોતાના ખિસ્સામાંથી ચૂકવવું પડ્યું. ત્યાર બાદ તેમણે રિઈમ્બર્સમેન્ટ ક્લેઈમ કર્યો. જાન્યુઆરીથી એપ્રિલ 2024 સુધી કંપનીએ વારંવાર એ જ દસ્તાવેજો માંગ્યા. સારવાર કરનાર ડૉક્ટરે હૉસ્પિટલના લેટરહેડ પર પ્રમાણપત્ર આપ્યું કે દર્દીને કિડની કે હૃદયની કોઈ બીમારીનો ઈતિહાસ નથી. તેમ છતાં કંપનીએ ડૉક્ટરનું સોગંદનામું માંગ્યું. ઈમરજન્સી ડૉક્ટરે જણાવ્યું કે ભૂલ તો પહેલેથી સુધારી લેવાઈ છે, તેથી અલગ સોગંદનામાની જરૂર નથી. અંતે 25 એપ્રિલ 2024ના રોજ 'જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા નથી' એવું કારણ આપીને કંપનીએ ક્લેઈમ નામંજૂર કર્યો.

**કમિશન સમક્ષ કાર્યવાહી**

ફરિયાદ દાખલ થયા પછી વીમા કંપનીએ સમયમર્યાદામાં લેખિત જવાબ પણ રજૂ ન કર્યો. તેથી કમિશને તેનો જવાબ અને પુરાવો રજૂ કરવાનો હક બંધ કરી દીધો.

કમિશને નોંધ્યું કે મેડિકલ રેકોર્ડમાં ભૂલ થઈ હતી, તે જ દાખલ રહ્યાં દરમિયાન સુધારી લેવાઈ હતી અને સારવાર કરનાર ડૉક્ટરે સ્પષ્ટતા પણ આપી હતી. આ બધું વીમા કંપનીને મળી ગયું હતું. 28 ફેબ્રુઆરી 2024ના રોજ કંપનીએ પોતે લખ્યું હતું કે 'કેસ હૉસ્પિટલ સ્તરે ચકાસણી હેઠળ છે.' એનો અર્થ એ થયો કે આપેલા દસ્તાવેજોના આધારે જ ક્લેઈમની પ્રક્રિયા ચાલતી હતી. ક્યો આવશ્યક દસ્તાવેજ ખૂટતો હતો, તે કંપની બતાવી શકી નહીં.

કમિશને સ્પષ્ટ કર્યું કે વીમા કંપનીને ચકાસણી માટે વાજબી દસ્તાવેજો માંગવાનો હક છે. પરંતુ પહેલેથી આપેલા દસ્તાવેજો વારંવાર માંગવા, કે જે મેળવવા શક્ય જ ન હોય તેવા કાગળો માંગીને ક્લેઈમ લટકાવી રાખવો, એ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટના મનમોહન નંદા વિરુદ્ધ યુનાઈટેડ ઈન્ડિયા એશ્યોરન્સ ચુકાદાનો હવાલો આપીને કમિશને ઉમેર્યું કે પોલિસી પહેલાં તબીબી તપાસ કરાવનાર કંપની પાછળથી પોતાની જ તપાસથી વિપરીત બીમારીનું બહાનું કાઢી શકે નહીં.

**ચુકાદો**

24 સપ્ટેમ્બર 2026ના રોજ પ્રમુખ શ્રી દિવ્યજ્યોતિ જયપુરિયાર અને સભ્ય ડૉ. રશ્મિ બંસલની બેન્ચે સેવામાં ખામી ઠરાવીને વીમા કંપનીને નીચે મુજબ આદેશ કર્યોઃ હૉસ્પિટલ ખર્ચના રૂ. 3,87,391 ચૂકવવા.

આ રકમ પર 25-04-2024થી ચુકવણી થાય ત્યાં સુધી 6% વ્યાજ ચૂકવવું.

માનસિક ત્રાસ અને હેરાનગતિ બદલ રૂ. 50,000 વળતર ચૂકવવું.

કાનૂની ખર્ચ પેટે રૂ. 35,000 ચૂકવવા.

આ તમામ રકમ 45 દિવસમાં ચૂકવવાની રહેશે. તેમ ન થાય તો વ્યાજનો દર 9% ગણાશે.

**ગ્રાહકો માટે બોધ**

હૉસ્પિટલના રેકોર્ડમાં કોઈ ભૂલ દેખાય તો ડિસ્ચાર્જ પહેલાં જ તે સુધરાવી લો. વીમા કંપની સાથેનો દરેક ઈ-મેઈલ, વોટ્સએપ સંદેશ અને પોર્ટલ પર અપલોડ કર્યાના સ્ક્રીનશૉટ સાચવી રાખો. આ કેસમાં ફરિયાદીએ રાખેલા આ જ પુરાવા જીતનો આધાર બન્યા. દસ્તાવેજોના નામે ક્લેઈમ નામંજૂર થાય તો હિંમત હાર્યા વગર ગ્રાહક કમિશનનો દરવાજો ખખડાવો.